Extra No. 340

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] FRIDAY, DECEMBER 12, 2025 / AGRAHAYANA 21, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૩૩૮ યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૧૫૩૬/એમ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Municipalities Act, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક: કેવી/૨૦૨૫નો ૩૩૮ યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૧૫૩૬/એમ: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ન ના ખંડ (૨) અને અનુચ્છેદ ૨૪૩ધ ના ખંડ (ધ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીવી/૨૦૨૫નો ૩૨૨ યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૧૫૩૬/એમ સેક્શન.થી મોડાસા નગરપાલિકાની વિદ્યમાન સ્થાનિક હદોમાં અમુક વિસ્તારોનો સમાવેશ કર્યો છે.

અને વસ્તી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના મોડાસા નગરપાલિકાના વિસ્તારોની વસ્તીના આંકડા અનુસાર તેમજ ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૬ અને ૭ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડ અને કાઉન્સિલરોની બેઠકોની સંખ્યા અને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬ની પેટા-કલમો (૨) અને (૩) અને કલમ ૭ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૪નું સરકારી જાહેરનામું ક્રમાંક. કેવી ૨૦૨૪નો ૧૬૦ યુડીયુએચડી/એમડબલ્યુડી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૩૦૫૭/મ. ૨૬ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) મોડાસા નગરપાલિકાના વિસ્તારો, ૯ વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા ૩૬ કાઉન્સિલરોની બનશે:

(૨) કાઉન્સિલરોની ૩૬ બેઠકોમાંથી,-

(૧) ૨ બેઠકો, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ૧ બેઠક, અનુસૂચિત જાતિઓની સ્ત્રી માટે અનામત રહેશે;

(૨) ૧ બેઠક, અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિ માટે અનામત રહેશે;

(૩) ૧૦ બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ૫ બેઠકો, પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૪) ૧૮ બેઠકો, ઉપર ઉલ્લેખેલ (અનુસૂચિત જાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની સંખ્યા સહિત) સ્ત્રીઓ માટે અનામત રહેશે.

અપવાદ: આ જાહેરનામાના કોઈપણ મજકૂરથી, આ જાહેરનામાના આરંભ પહેલાં, મોડાસા નગરપાલિકાના વોર્ડ અને બેઠકો નક્કી કરવાના સંબંધમાં કરેલા કોઈપણ કાર્યને અસર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનીષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.12.19 08:43:39 IST